# ઋતુ ગીત




Scanned by CamScanner



# ઋતુ ગીત





## આવો મેઘરાજા વગડાવો વાજા

આવો મેઘરાજા વગડાવો વાજા
પી.. પી.. પી.. પી.. પોમ પોમ (૨)
મુશળધાર મુશળધાર
વરસે છે પાણીની ધાર (૨)
સરરર... સરરર... સોમ... સોમ....
આવો મેઘરાજા વગડાવો વાજા (૨)
રેલમછેલ, રેલમછેલ
નદી-નાળાં રેલમછેલ (૨)
છલબલ.. છલબલ.. છોમ છોમ
આવો મેઘરાજા વગડાવો વાજા (૨)
નાચે મોર ને બાજે ઢોલ (૨)
આનંદમાં કરે કિલ્લોલ
ઠૂમક.. ઠૂમક.. ઠૂમ.. ઠૂમ... (૨)
આવો મેઘરાજા વગડાવો વાજા (૨)

## આવ્યો શિયાળો ઠંડી લાવ્યો

સરર.... કરતી ઠંડી લાવ્યો
આવ્યો શિયાળો, આવ્યો શિયાળો
ખૂબ મજાના દિવસો લાવ્યો
આવ્યો શિયાળો ..

ચારે બાજુ ધુમ્મસ છાયે
આજુ બાજુ ના દેખાય
આવ્યો શિયાળો ..



અડદિયા તો બહુ બહુ ભાવે
ખાવા પીવા ને ખેલ ખેલવા
આવ્યો શિયાળો ..

વનમાં બાવે ધૂણી ધખાવી
ઘરમાં સહુ સગડી સળગાવે
આવ્યો શિયાળો ..



## આવ્યો શિયાળો ઠંડી લઈને

આવ્યો શિયાળો ઠંડી લઈને (૨)
ગોદડિયાળી બંડી લઈને (૨)
આવ્યો ઉનાળો ગરમી લઈને (૨)
આઈસ્ક્રીમ કેન્ડી સરબત લઈને (૨)
આવ્યું ચોમાસુ વરસાદ લઈને (૨)
રેઈનકોટ ટોપી છત્રી લઈને (૨)

## વસંત આવી વસંત આવી

વસંત આવી વસંત આવી,
નવજીવનનો રંગ લાવી,
આવી આવી વસંત આવી,
મનગમતી એ મસ્તી લાવી,
વૃક્ષો ફૂલ્યાં, ફૂલો ખીલ્યાં,
હસતાં-હસતાં ઝરણાં ખીલ્યાં,
પર્વતો સઝયા, ઉપવનો હસ્યાં,
ચો તરફ સહુ વનચરો નાચ્યાં,
સૌ પ્રફુલ્લ બને આજે વસંત ઉપવન કાજે
વસંત આવી...



વસંત આવી વસંત આવી
દિલડે દિલડે ગૂંજન લાવી
આવી આવી વસંત આવી
મનડે મનડે ડોલન લાવી
કોયલ ટહુકે, મેના રણકી,
વાયુ ઝબકે, રાગીણી પ્રસરી,
ઉષા બહેકી, સંધ્યા વિલસી,
સુપ્ત માનવ મેદની જાગી,
કાન જાગે સૌ હૈયા આજે વસંત ઉપવન કાજે
વસંત આવી...


વસંત આવી વસંત આવી
રોમે -રોમે પ્રાણ લાવી
જાગૃતિનો સંદેશ લાવી
વસંત આવી...






Scanned by CamScanner





# ઋતુ ગીત



## પાણીની પોઠ ભરી આયો

પાણીની પોઠ ભરી આયો મેહુલિયો
પાણીની પોઠ ભરી આયો
સાગરના જાયાને વાયરે વીંઝાવ્યો
ઓલી ધરતીએ ગોદમાં છૂપાવ્યો..(૨)
આકાશી મેહુલાને મોરલે બોલાવ્યો
ઓલી ઢેલડીયે રંગરસ પાયો... (૨)
કાળા રંગ વાદળીના હૈયા મલકાવતો
એ તો જીવનનો રાસ રમી જાણ્યો...(૨)

## ઝરમર ઝરમર મેહુલો આવ્યો

ઝરમર ઝરમર મેહુલો આવ્યો
હે જી આજ મેહુલો આવ્યો
ધરતીએ તપ કર્યાં 'તાં, જીવોએ જપ કર્યાં 'તા
મે આઉં મે આઉં (૨) મોરે બોલાવ્યો
નદીઓનાં નીર ખૂટયાં'તાં, વનેવન સાવ સૂકયાં'તાં
ડરાઉં.. ડરાઉં.. (૨) દેડકારાજે બોલાવ્યો
થયું બધે પાણી પાણી આનંદની આજ ઉજાણી
છમ લીલોછમ... (૨) મોલ ઉગાડયો...

## રંગ રસિયો ફાગણ


આયો... આયો... રે રંગ રસિયો ફાગણ આયો રે
ફાગણ આયો પ્રાણ ભરાયો,
થનગન થનગન નાચ નચાવે રે,
હે... રંગભર ફૂલ લાયો રે,
રંગરસિયો ફાગણ આયો રે
અબીલ ગુલાલ ગગનમાં છાયો,
વાલી વસંતને સાથે લાયો,
હે.. અંગે અંગે રંગ લાયો રે,
રંગરસિયો...
વનવગડાને નવીન ફરતો (૨)
ડાળે ડાળે ફૂલડાં ભરતો (૨)
હે.. ઋતુઓનો રાજવી આયો રે...
રંગરસિયો ફાગણ આયો રે...

## નાવે મારા નાવલિયા

ઓલા સાવન કેરા મેહુલિયા તારા ધીમે ધીમે ગીત
ના'વે મારા નાવલિયા (૨)
પેલી વાદળીઓના વીર, જો ને આભ સામે જોઇ
શાને આ વાયો ચમકારો
ના'વે મારા...
વાયુ વેગે વાતો આવે, મીઠી સૌરભ કયાંથી લાવે
મીઠી વાતો યાદ આવે
ના'વે મારા...

## ઝંખે છે ભોમ પાણી પાણી

ઝંખે છે ભોમ પાણી પાણી ઓ મેહુલા !
ઝંખે છે ભોમ પાણી પાણી
તું તે શું આગ એ અજાણી ..ઓ મેહુલા...
પેલાં આકાશ જાણે મૃત્યુની ખીણ પડી
સૂરજની ચેહ ત્યાં ચેતાણી ..ઓ મેહુલા...
હજીયે ખડા ના ખેંચાણી ..ઓ મેહુલા...
રુંધ્યા છે વાયરા ને રુંધી રતૂમણી
પેલી દિશાઉં ધૂંધવાણી ..ઓ મેહુલા...
તોયે ન પ્યાસ પરખાણી ..ઓ મેહુલા...
ઉજ્જડ ટીંબાની વાવ ખાલી ભેંકાર પડી
સીમે આ શોક સોડ તાણી મેહુલા...
તોયે ન પ્યાસ પરખાણી ..ઓ મેહુલા...
ભાંભરતા ભેંશ ગાય પંખી ગૂપચૂપ જોઇ
ચાંચો ઉઘાડ... બીડાણી ..ઓ મેહુલા...
જાગી ન જિંદગી નવાણી ..ઓ મેહુલા...
મારી માનવની આંખ જોતી ક્ષિતિજે કરાળ
તારી કાં એકના એંધાણી ..ઓ મેહુલા...








Scanned by CamScanner



# ઋતુ ગીત



## વેલો વેલો તું આવજે

ધરતીનો સાદ સુણી ઓ રે મેહુલિયા
વેલો વેલો તું આવજે
ઊના ઊના વાયરા ચારે કોર વાતા
દુનિયાના લોકોથી ના એ સહેવાતા
મનગમતી વર્ષાને લાવજે
વેલો વેલો ...
ઝંખે છે ભોમકા ને જંગલને ઝાડવાં
સૂના છે તુજ વિના ધરતીને માંડવા
મોંઘેરા મેઘરાજ આવજે
વેલો વેલો ...
આકાશે ઘનઘોર વાદળાં લાવજે
નખરાળા વીજળીના ચમકારા લાવજે
ધરતીને હૈયે હસાવજે
વેલો વેલો ...
ઝીણાં ઝીણાં તું તારલિયા લાવજે
આભેથી જળના ફૂવારા લાવજે
અવનીને આંગણે આવજે
વેલો વેલો ..



## એક ઝરણું દોડયું જાતું'તું


એક ઝરણું દોડયું જાતું'તું
એ તો અધ્ધરથી પછડાતું'તું
પછડાતું'તું, અથડાતું'તું
તોયે હસતું હસતું જાતું'તું
એને કઠિ પૂનમની રાત પડી
એને જોવાને ચાંદો આભે ચડે
એને જોઇને મોં મલકાતું'તું
એક ઝરણું...
સીમ ગામને ખેતર પાદરમાં
હસતું રમતું એ જાતું'તું
રમતું ભમતું ભમતું રમતું
એ તો સાગરમાંયે સમાતું'તું
એક ઝરણું...
એને કઠિ પંખીડાં પાણી પીએ
એને તીરે નાનાં નાનાં બાળ રમે
નિત્ય આનંદે ઉભરાતું'તું
એક ઝરણું...





## વાદળી વરસ-વરસ

વાદળી વાદળી વરસ - વરસ
લાગી છે બહુ તરસ - તરસ.
ખારાં પાણી સાગરનાં,
મીઠાં પાણી ગાગરનાં.
ફોરા પડજો ટપક - ટપક,
ઝાલી લઇએ લપક - લપક.



## છલબલિયા હો આયો સાવન

છલબલિયા છલબલિયા છલબલિયા હો
આયો સાવન, આયો સાવન
ઘનઘોર ઘટા છાંયી, આયો સાવન
ગલગલિયાં ગલગલિયાં ગલગલિયાં હો કરે સાવન
ખીલી લીલી લીલી ધરતી પહેલી
જયાં જુઓ ત્યાં નાની નાની નદીઓ રેલી
સરવરિયા સરવરિયા સરવરિયા હો કરે સાવન
આયો સાવન...
છલબલિયા છલબલિયા છલબલિયા હો આયો સાવન
કરે મોર કલશોર, પહેલા ડુંગરાની કોર
રમે ફૂલડાની ફોર, આવે ઝરમરિયા હો
ઝરમરિયા ઝરમરિયા ઝરમરિયા હો
છલબલિયા છલબલિયા છલબલિયા હો
આયો સાવન...



Scanned by CamScanner



# ઋતુ ગીત





## વરસ પૂરું થાય


શિયાળામાં ઠંડી પડતાં, શરીર ધ્રુજી જાય
ઉનાળાનાં પડતાં તાપે, પરસેવે નવાય
ચોમાસે વર્ષા વરસે ને ખેતર લીલાં થાય
ત્રણ ઋતુના મહિના ગણાતાં વરસ પૂરું થાય
શિયાળે ટાઢ, ગોદડાં કાઢ
ટાઢ-ટાઢ કરીએ નહિ,
ટાઢના માર્યા મરીએ નહિ,
ઉનાળે તાપ, પંખો આપ,
ઊની ઊની લૂ વાય,
બાબો નળની નીચે ન્હાય,
ચોમાસે પાણી, છત્રી આણી,
છત્રી છે રૂડી, કાગડો થઈને ઊડી.

## આવ્યો શિયાળો



આવ્યો શિયાળો, આવી ઠંડી,
પહેરો સ્વેટર, મફલર બંડી.
ઊઠો વ્હેલા, દોડ લગાવો,
ઠંડી બહેનને દૂર ભગાવો.
જમરૂખ ખાઓ, બોરાં ખાઓ,
તાપણી ફરતાં, બેસી જાઓ.
ચીકી ખાઓ, પતંગ ઊડાવો,
પાક્કી દોરી, પેચ લગાવો.
કરો યોગ ને કરજો આસન,
તબિયત તો થઇ જાય ટનાટન.

## આવ્યો શિયાળો ઠંડી લઈને



આવ્યો શિયાળો... ઠંડી લઇને
ગોદડિયાળી.. બંડી લઇને
સુરેશભાઇએ પહેર્યું સ્વેટર,
મયુરભાઇએ બાંધ્યું મફલર,
શીલા આવી શાલ ઓઢીને
આવ્યો..



ઠંડો વાયુ વાયે સઘળે,
ડોશીમાની દાઢી ગગડે,
તાપે સહુ સગડી લઇ,
આવ્યો..



ખજૂર, ચીકી, બોર લાવ્યો,
પતંગ, માંજા, દોર લાવ્યો,
શેરડીની ગંડેરી લઇને,
આવ્યો..

## આવી નાતાલ રૂડી





આવી નાતાલ રૂડી
આવી નાતાલ,
બાળકોને ગમતી આવી..
આ તો દિવાળી ખ્રિસ્તી લોકોની
ચાલો ઊજવીએ કરી મિજબાની આવી..
સાન્તા ક્લૉઝ દાદા હરખાતા આવશે
બાલુડાંને માટે રમકડાં લાવશે આવી..
ઇશુ ભગવાનને વંદન કરીએ
પ્રેમ દયાનો સંદેશ ઝીલીએ આવી..
નવું વરસ મુબારક સહુને
મંગલ કામના એવી કરીએ. આવી..





# ઋતુ ગીત





## બળતાં બપોરમાં

બળતા બપોરમાં,
વાતા વંટોળમાં
રાયણની કોકડી ખઇ,
હાં રે અમે વનમાં ભટકતાં ભઇ !
બળતા બપોરમાં,
વાતા વંટોળમાં,
કેરી કપુરિયા ખઇ
હાં રે અમે વનમાં ભટકતાં ભઇ !
બળતા બપોરમાં,
વાતા વંટોળમાં
ના ના ગોવાળિયા થઇ,
હાં રે અમે ગાયો ચરાવતાં ભઇ !
બળતા બપોરમાં,
વાતા વંટોળમાં
વડલાને છાંયડે જઇ
હાં રે અમે પાવો વગાડતાં ભઇ !

## મેહુલિયો વરસી જાય

પેલો મેહુલિયો વરસી જાય,
મારા આંગણિયે છબછબ થાય.. પેલો
પિયુ પુકારે પેલું ચાતક તરસે,
જગને જિવાડવા મેહુલિયો વરસે,
વરસીને ભીંજાઇ જાય.......... પેલો
ઘેરાતી વાદળીમાં વીજળી ઝબૂકે,
લીલુડી વાડીમાં મોરલા ટહૂકે,
હળ લઇ ખેડૂતો જાય .......... પેલો
માળે માળે પંખી કિલ્લોલ કરતાં,
લાખ લાખ વર્ષાને આશિષ દેતાં,
થરથર હૂંફે લપાય ............. પેલો
નદી, સરોવર, તળાવ છલકે,
ગાયોના ગોવાળ આનંદે મલકે,
પાવો વગાડતા જાય........... પેલો

## વાદળ વરસો પાણી


વાદળ વાદળ વરસો પાણી
મુજને મોજ પડે રમવાની
ઝૂમ ઝૂમ વરસો, ઝૂમ ઝૂમ વરસો
ઝીણું ઝીણું ઝરમર વરસો
મોજ પડે ફોરાં ઝીલવાની
વાદળ...

ઠંડક ઠંડક થાય મારે મન
ઠંડક ઠંડક છાપ મારે તન
જાય નાસી ગરમીની રાણી
વાદળ...



## નદી કિનારે કરી ઉજાણી

નદી કિનારે કરી ઉજાણી, (૨)
જલેબી, પેંડા, ખાધી ધાણી, (૨)
હાહા હાહા હા... હોહો હોહો હો....
નદી કિનારે કરી ઉજાણી.........
સંતાકૂકડી ખૂબ રમ્યા ભાઇ,
પકડદાવમાં લપસી પડયાં ભાઇ,
હાહા હાહા હા.. હોહો હોહો હો...નદી કિનારે..
રમી રમીને થાકયાં ત્યારે,
ઝાડ નીચે અમે બેઠાં ત્યારે,
હાહા હાહા હા.. હોહો હોહો હો...નદી કિનારે..
ખાઇને અમે ફરવા ચાલ્યાં,
નાચી કૂદી દોડવા લાગ્યાં,
હાહા હાહા હા.. હોહો હોહો હો...નદી કિનારે..






Scanned by CamScanner



# ઋતુ ગીત



## મેહુલિયાનાં વધ્યાં તોફાન

હે... મેહુલિયાનાં વધ્યાં તોફાન
નીકળે છે હાય રે મારો તો જાન...મેહુલિયા.
ધોધમાર એ તો વરસ્યા કરે,
ગરજે વાદળ નિત ચમકયાં કરે...મેહુલિયા.
કીચડ થાય બહુ લપસી જવાય
મેલાં તે કપડે કેમ સ્કૂલે જવાય...મેહુલિયા.
રેઈનકોટ પહેરું તો ટોપી ઊડી જાય
પવનમાં છત્રીનો કાગડો થાય ...મેહુલિયા.
વરસ્યો ઘણું તું હવે ખમ્મા તો કર
જાને શોધી લે ભાઈ બીજું તો ઘર ...મેહુલિયા.

## હરખાણી આજ હું તો


હરખાતી આજ હું તો જાગી,
ભાઈ! મલકાતી આજ હું જાગી..
આજ છે મારો રાખડીનો દિન,
મલક લઈશ હું માગી માગી
હરખાતી આજ હું તો...



નાના હાથે વીરાને બાંધું રાખી,
ભઈલાને દુનિયા ચાહે આખી,
વચન લઈશ હું માગી માગી
હરખાતી આજ હું તો...
નાનો અમથો નથી આ દોરો,
આ તો છે સ્નેહનો તાર,
ભાઈ-બહેનના પ્રેમનો રાખડીમાં,
મલકે મલકનો સાર
હરખ લઈશ હું તો માગી માગી
હરખાતી આજ હું તો...



## વાદળ ગરજે



વાદળ ગરજે, વીજળી ચમકે,
ધરતી ધ્રુજે, ધમ ધમ.
વાદળ ગરજે, વીજળી ચમકે,
વર્ષા વરસે, ઝમ ઝમ.
વાદળ ગરજે, વીજળી ચમકે,
ડુંગર ડોલે, ડમ ડમ.
વાદળ ગરજે, વીજળી ચમકે,
ખેતર લીલાં, છમ છમ.



વાદળ ગરજે, વીજળી ચમકે,
વાજાં વાગે, પમ પમ.
વાદળ ગરજે, વીજળી ચમકે,
ખાતાં છોરાં, મમ મમ.



## હો વાદળી વર્ષાની

હાં રે અમે આભે,
હરખાતી ભાળી,
કે નાચતી કાળી,
હો વાદળી! વર્ષાની..



હાં રે એ તો ઊડે,
પવનને ઘોડે,
વીજલડી જોડે,
હો વાદળી! વર્ષાની..
હાં રે એ તો ગુંજે,
મધુર શા રાગે,
કે ઝરમર નાદે,
હો વાદળી! વર્ષાની..



હાં રે અમે જોતાં કે,
વરસી ઉમંગે,
કે સંધ્યાને રંગે,
હો વાદળી! વર્ષાની..



Scanned by CamScanner



# ઋતુ ગીત

## મજા મજા ભાઈ



પશા પટેલના ખેતરમાં તો, ખેતરમાં તો,
મજા મજા ભાઈ, મજા મજા
પશા પટેલના...

છાણનું તો ખાતર નાખ્યું,
હળથી તો ખેતર ખેડ્યું,
સારા સારા દાણાં વાવ્યાં
મજા મજા ભાઈ, મજા મજા
પશા પટેલના...





ઝરમર ઝરમર, મેહુલો આવશે,
ખેતર આખું લીલુંછમ થાશે,
મોતી મૂઠ શાં ડૂંડાં ફાટશે.
મજા મજા ભાઈ, મજા મજા
પશા પટેલના...



દાણા ખાવા પંખી આવશે,
ચકલી આવશે, ચીંચી કરશે,
કાગડો આવશે, કા કા કરશે,
ચાડિયો મોટા ડોળા બતાવશે,
મજા મજા ભાઈ, મજા મજા
પશા પટેલના...


## ચાંદામામા મામા થઈને

ચાંદામામા મામા થઈને કેમ રહો છો દૂર,
આવો અમને ખવડાવો ને કોપરાં ખજૂર,
ચાંદામામા...

જ્યારે પૂનમ રાત આવે
ઝગમગતું અજવાળું લાવે,
રંગ રૂપેરી ચાંદનીમાં
સૌ કોઈને નવડાવે ચાંદામામા...
ઊંચે આભે ઘર તમારું,
કેમ કરી ત્યાં આવું હું,
મારી ઝૂંપડીએ આવો મામા
વારંવાર મનાવું હું ચાંદામામા...




## ચમકતો ચાંદલો ગમે



મને આભલે ચમકતો ચાંદલો ગમે,
એની આસપાસ નાના મોટા તારા રમે...મને
મને શિયાળે સૂરજનો તડકો ગમે,
એની આસપાસ મારો પડછાયો રમે ...મને
મને ઉનાળે સંધ્યાની સોબત ગમે,
એની આસપાસ લાલ પીળા રંગો રમે ...મને
મને ચોમાસે વીજના ચમકારા ગમે,
એની આસપાસ ઘનઘોર વાદળ રમે. ...મને
મને ધરતીના ખોળે ઊગ્યા છોડવા ગમે,
એની આસપાસ પાંદડાં ને ફૂલો રમે. ...મને
મને માનવ મહેરામણના મેળા ગમે,
એની આસપાસ નાના મોટા છોરાં રમે. ...મને



## પતંગ મારી કેવી મઝાની



કેવી મઝાની દેખાય
પતંગ મારી કેવી મઝાની.
લાલ લાલ રંગ એનો,
પીળો છે પટ્ટો એનો.
પાંખો વિના એ ઊડી જાય,
પતંગ મારી કેવી મઝાની
દોરી જોડે દોસ્તી એની,
દોરીથી પેચ કાપે.
કાટીયોની બૂમો સંભળાય,
પતંગ મારી કેવી મઝાની
આમ તેમ ડોલતી ને
થનગન નાચતી.
આકાશે ઊંચે ઊડી જાય,
પતંગ મારી કેવી મઝાની






Scanned by CamScanner



# ઋતુ ગીત



## ફાગણ મહિનો આવ્યો

ફાગણ મહિનો આયો,
હોળી-ધૂળેટી લાયો.
કેસૂડાનાં ફૂલડાં લાયો,
કેસરિયો મેં રંગ બનાયો.
પિચકારિમાં ભર્યો રંગ,
ઉડાડયો ભાભીને અંગ.
ભાભીએ ત્યાં પકડી હાથ,
ભર્યો ગુલાલે ભીડી બાથ.
ખજૂર, ખારેક, શેરડી,
ધાણી, ચણા ને રેવડી.



## ફાગણ આયો રે !

આયો આયો રે ! આયો આયો રે !
રંગરસિયો ફાગણ આયો રે !
આયો આયો રે !
ફાગણ આયો પ્રાણ ભરાયો,
થનગન થનગન નાચ નચાયો,
રંગભર ફૂલ આયો !
આયો આયો રે !
અબીલ ગુલાલ ગગનમાં છાયો.
વહાલી વસંત સાથે લાયો,
અંગ અંગ રંગ છાયો !
આયો આયો રે !
વનવગડા ને નવીન કરતો,
ડાળે ડાળે ફૂલડાં ધરતો,
ઋતુ રાજવી આયો રે !
આયો આયો રે !








## હોળી છે ભઈ હોળી


આજે હોળી છે, ભઈ, હોળી
સૌને રંગ દો ઝબોળી, આવી ગૈરૈયાની ટોળી
લાવી રંગ ભરીને ઝોળી આજે...
રાજલને રાતાથી રંગો, પલકને પીળાથી
ધવલને લીલા રંગે ને કાર્તિકને કાળાથી
કરી મૂકોને દોડા દોડી આજે...
ભાભીને ભૂરા રંગે ને વીરાને વાદળીએ
રંગ મળે નહીં તો, તો પછી કંકુ કે કાજળિયે
આપણી ભાભી છે સાવ ભોળી આજે...
મામા મોઢું સંતાડે તો રંગો એના કેશ
મામીનું મોઢું પકડીને ચોપડી દો મેશ
જો જો રમત ન થાય મોળી આજે...
કાકા પર કચરો ખડકીને છેક બનાવો બાવો
કાકીને બાવી બનાવી કાકા સામે લાવો
આખી બાલદી નાંખીને ઢોળી આજે...



## ઝંડો અમારો ત્રિરંગી

ફરફર, ફરફર ફરતો તો,
સૌને ઊડતો કહેતો તો.
નાનાં મોટાં જાગો સૌ,
કામ કરીને ખાઓ સૌ.
ભારતની હું શાન છું,
લોકો પર કૂરબાન છું.
સાચવજો સૌ મારી શાન,
ભૂલશો ના ત્રિરંગી ગાન.








# ઋતુ ગીત



## રંગબેરંગી ઓઢણી







લાલ ને લીલી, વાદળી પીળી,
કેસરી વળી, જામલી વળી,
રંગબેરંગી ઓઢણી લઉં,
બહેન મારીને ઓઢવા દઉં !
સોનીએ ઘડયાં રૂપલે મઢયાં,
નાના નાના ઘૂઘરાં ઝીણાં.
એવી બે ઝાંઝરીઓ લઉં,
બહેન મારીને પહેરવા દઉં !
ચંપા બકુલ, બોરસલી ફૂલ,
માલતી ને મોગરાનાં ફૂલ.
બાગમાંથી હું લાવી દઉં,
બહેનને વેણી ગૂંથવા દઉં.
ઓઢણી તમે ઓઢજો બેની,
ઝાંઝર પગે પહેરજો બેની,
વેણી માથે ગૂંથજો રે!
બાગમાં ઘૂમી હીંચકે હીંચી,
સાંજરે વહેલા આવજો રે,
ભાઇને સાથે લાવજો રે!

## ગણપતિ બાપા







બાપા લાગે ભોળિયા,
ખાતા લાડુ ગોળિયા
હાથી સૂંઢે શોભતા,
ગાગર પેટે ડોલતા.
મહાદેવ મંદિર ગોખમાં,
બાપા બેસે રોફમાં.
સુઅવસરે ઠેર ઠેર,
ચિતર્યા ભીંતે ઘેર ઘેર.
કરે સવારી ઉંદર પર,
બાપા લાગે ધૂરંધર.
ગણપતિ બાપા ગમતા બહુ,
વંદન કરતા એને સહુ.

## જોવા જઇએ મેળો














ચાલો જોવા જઇએ મેળો, ચાલો જોવા જઇએ
મેળામાં મજા કરીશું, ચાલો જોવા જઇએ...
મેળામાં જઇ શું શું કરશું ?
ચકડોળે બેસીને ફરશું,
હાથી ઘોડે બેસી રમશું,
ચાલો જોવા જઇએ મેળો, ચાલો જોવા જઇએ
મેળામાં મજા કરીશું, ચાલો જોવા જઇએ...
મેળામાં જઇ શું શું ખાઇશું ?
તીખી તીખી ભેળ ખાઇશું,
ઠંડો ઠંડો આઇસ્ક્રીમ ખાઇશું.
ચાલો જોવા જઇએ મેળો, ચાલો જોવા જઇએ
મેળામાં મજા કરીશું, ચાલો જોવા જઇએ...
મેળામાં જઇ શું શું લઇશું ?
બહેન માટે બંગડી લઇશું,
ભઇલા માટે ઘૂઘરો લઇશું.
ચાલો જોવા જઇએ મેળો, ચાલો જોવા જઇએ
મેળામાં મજા કરીશું, ચાલો જોવા જઇએ...
મમ્મી માટે શું શું લઇશું ?
મમ્મી માટે માળા લઇશું.
પપ્પા માટે શું શું લઇશું ?
પપ્પા માટે પાકિટ લઇશું.
ચાલો જોવા જઇએ મેળો, ચાલો જોવા જઇએ
મેળામાં મજા કરીશું, ચાલો જોવા જઇએ...
દાદા માટે શું શું લઇશું ?
દાદા માટે લાકડી લઇશું.
દાદી માટે શું શું લઇશું ?
દાદી માટે ચશ્મા લઇશું.
ચાલો જોવા જઇએ મેળો, ચાલો જોવા જઇએ
મેળામાં મજા કરીશું, ચાલો જોવા જઇએ...







Scanned by CamScanner



# ઋતુ ગીત





## દિવાળીના દિવસો

દિવાળીના દિવસો આવ્યા,
નવા નવા ઉમંગો લાવ્યા.
રંગ-બેરંગી કપડાં પહેરી,
નાનાં-મોટાં મળવા આવ્યાં
જાતજાતના ભાતભાતના,
ફટાકડા ફોડવાને લાવ્યા.
લાલ, પીળા, ભૂરા કંઇ રંગો,
રંગોળી પૂરવાને લાવ્યા.
ખાવા માટે સૌની બાએ,
ઘૂઘરા, પૂરી, ખીર બનાવ્યાં.
સાંજ પડે ને સૌના ઘરમાં,
ઝગમગતા દીવા સળગાવ્યા.




## દિવાળી આવી










છોકરાં રે હો રે!
દિવાળી આવી, કયાંથી આવી?
ઘરડી તોયે જુવાન જેવી,
ઝગમગતા તારલિયા જેવી,
ઊંડી ગુફામાં સંતાઇ,
વરસ એકને અંતે આવી.
છોકરાં રે... હો રે!
દિવાળી આવી, કયાંથી આવી?
ફટાકડા ને ફૂલઝર સાથે
લવિંગિયાની લૂમો લાવી
રંગબેરંગી બપોરિયા ને
ઢગના ઢગ ચાંદલિયા લાવી !
છોકરાં રે... હો રે!
દિવાળી આવી, કયાંથી આવી?
છોકરાં માટે સુંદર કપડાં
અને હર્ષની છોળો લાવી,
મોઢામાંથી પાણી છૂટે
એવી મીઠી મીઠાઇ લાવી.

## ચાલો રે બેની મારી









ચાલો રે બેની મારી ગરબે રમીએ
તાળી વગાડતાં ગરબે ઘૂમીએ..ચાલો રે...
આભલા જડેલ મારા ચણિયાની કોર,
ઓઢણીમાં ચિતર્યા છે ઢેલ અને મોર.
ઘમ્મર ઘમ ઘૂમતાં ગરબે રમીએ....
તાળી વગાડતાં ગરબે ઘૂમીએ,
ઢોલક મંજીરાં ને બંસી વાગે,
ગરબો અમે ગાઇએ મીઠા રાગે.
વાંકા વળીને ગરબે રમીએ....
તાળી વગાડતાં ગરબે ઘૂમીએ....
શરદ પૂનમની છે રઢિયાળી રાત,
ચાંદા સાથે કરતાં તારલિયા વાત.
મુખડું મલકાવતાં ગરબે રમીએ..
તાળી વગાડતાં ગરબે ઘૂમીએ....
ચાલો રે બેની મારી ગરબે રમીએ

## દિવાળીની છુટ્ટી



દિવાળીની છુટ્ટી, દિવાળીની છુટ્ટી !
મળી આજ દિવાળીની છુટ્ટી !
જઇએ ચાલોને ઘેર
થઇ ગઇ લીલા લ્હેર
મળી આજ દિવાળીની છુટ્ટી છુટ્ટી ! દિવાળીની
સૌ સૌને ઘેર જાવ
ઘૂઘરા પૂરી વહેંચી ખાવ
મળી આજ દિવાળીની છુટ્ટી છુટ્ટી ! દિવાળીની
નામ નહિ ભણવાનું
કામ બસ રમવાનું
આખો દિન છુટ્ટમ છુટ્ટી !
અમે કરશું મઝા મઝા !
આવી રજા, લાવી મજા, મોજ મઝા,
ખુશી ન આજે ચિંતા ! ........ ..દિવાળી

